શ્રીસૂક્તમ-કનકધારા સ્તોત્રના પાઠ સહિત પંચામૃત, ગંગાજળ અને કેસરયુક્ત જળથી અભિષેક કરી માં લક્ષ્મીને કમળના પુષ્પ અર્પણ કરવાનું વિશેષ મહત્ત્વ

આજે ધનતેરસ: મહાલક્ષ્મીજીનું પૂજન-અર્ચન કરાશે

વડોદરા સહિત દેશભરમાં આજે શ્રદ્ધા અને ઉત્સાહભેર ધનતેરસની ઉજવણી કરવામાં આવી રહી છે, જે દીવાળીના પવિત્ર પર્વનો પ્રારંભ કરનાર મહાપર્વ છે. આ પવિત્ર પર્વ નિમિત્તે બજારોમાં ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે અને લોકો દ્વારા મહાલક્ષ્મીજીનું વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવી રહ્યું છે. જ્યોતિષીય ગણતરી મુજબ, આસો વદ ત્રોદશ એટલે કે ધનતેરસ તિથિનો પ્રારંભ આજ રોજ સવારે ૧૦ કલાક અને ૩૧ મિનિટ પછી થયો છે, જે આવતીકાલે એટલે કે ૭ તારીખને શનિવારે રાત્રે ૧૦ કલાક અને ૪૯ મિનિટ સુધી રહેશે. આ અંગે જ્યોતિષી નયન જોશીશાસ્ત્રી મહારાજે જણાવ્યું છે કે ધનતેરસમાં સાયનકાળ અને રાત્રિ પૂજનનું વિશેષ મહાત્મ્ય રહેલું છે અને આ પવિત્ર પર્વે મહાલક્ષ્મીજી તથા ધનવંતરી ભગવાનની આરાધનાનું અનેરું ફળ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીયંત્ર અને લક્ષ્મીજીની પ્રતિમાને પંચામૃત, ગંગાજળ અને કેસરયુક્ત જળ સહિતના પવિત્ર દ્રવ્યોથી સ્નાન કરાવી, શ્રીસૂક્તમ તથા કનકધારા સ્તોત્રના પાઠ સાથે અભિષેક અને પૂજન-અર્ચન કરવામાં આવે છે. ત્યારબાદ વિધિવત આરતી ઉતારીને માં લક્ષ્મીને અતિપ્રિય એવા કમળના પુષ્પ અર્પણ કરવામાં આવે છે. આજ રોજ સાંજે ૬:૩૦ થી રાત્રિના ૧૧:૦૦ વાગ્યા સુધી ધનતેરસના પૂજન માટેનું સર્વોત્તમ મુહૂર્ત પ્રાપ્ત થઈ રહ્યું છે. આ પર્વ ફક્ત ધન-સંપત્તિની પ્રાપ્તિ માટે જ નહીં, પરંતુ આરોગ્યના દેવતા ધનવંતરી ભગવાનના પૂજન દ્વારા નિરોગી આરોગ્ય અને દીર્ઘાયુષ્યના આશીર્વાદ મેળવવાનું પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. વડોદરાના નાગરિકોએ પણ પરંપરાગત ઉલ્લાસ સાથે સોના-ચાંદી, વાહનો અને ઘરવખરીની ખરીદી કરી આ પર્વને ઉત્સાહપૂર્વક ઉજવ્યો છે.

પૂજન માટેના મુખ્ય મુહૂર્ત

દિવાળીના દિવસે સાંજના સમયે સ્થિર લગ્ન અને પ્રદોષ કાલમાં પૂજા કરવાનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે સ્થિર લગ્નમાં પૂજા કરવાથી માતા લક્ષ્મી ઘરમાં સ્થાયીવાસ કરે છે. પૂજા માટે સામાન્ય રીતે સંધ્યાકાળથી રાત્રિ સુધીના બે-ત્રણ મુખ્ય સમયગાળા શ્રેષ્ઠ ગણાય છે, જેમાં વૃષભ લગ્ન કે સિંહ લગ્નનો સમય સૌથી ઉત્તમ માનવામાં આવે છે. વેપારીઓ અને દુકાનદારો માટે ચોપડા પૂજનનો સમય પણ આ જ સમયગાળા દરમિયાન રાખવામાં આવે છે.

પૂજન વિધિની સંપૂર્ણ રૂપરેખા

પૂજાસ્થળની સારી રીતે સાફ-સફાઈ કરીને પવિત્ર કરો. ત્યારબાદ પાટલા કે ચોકી પર લાલ કે પીળા રંગનું વસ્ત્ર બિછાવીને તેની પર મધ્યમાં અક્ષત એટલે કે ચોખાની ઢગલી કરી તેના પર માતા લક્ષ્મી અને ભગવાન ગણેશની મૂર્તિ અથવા છબી સ્થાપિત કરો. મૂર્તિની જમણી બાજુએ કળશ સ્થાપના કરો અને તેમાં જળ, સોપારી, સિક્કો અને થોડા અક્ષત પધરાવો.

‘પડતર દિવસ’ નહીં, ખગોળીય ગણતરીની સમજણનો અભાવ!

દિવાળીના તહેવાર દરમિયાન પડતર દિવસને લઈને દર વર્ષે ચર્ચા અને મૂંઝવણ ઊભી થતી હોય છે. ખાસ કરીને વિક્રમ સંવતના નૂતન વર્ષના પ્રારંભમાં પડતર દિવસને લઈને થતી ટીકાઓ સામે ઉમરાયાવાળા દિનેશ પાઠકે પંચાંગ અને ખગોળીય ગણતરીના આધારે પોતાની વાત રજૂ કરી છે. તેમણે જણાવ્યું છે કે સૂર્ય અને ચંદ્રની ગતિ સતત ચાલતી રહે છે. આકાશમાં એક પણ ક્ષણ એવી નથી કે જ્યારે સમય કે ગ્રહોની ગતિ અટકી જાય. તેથી પડતર દિવસની કલ્પના કરતાં પંચાંગની તિથિ અને સૂર્યોદયની ગણતરીને સમજવી જરૂરી છે.દિનેશ પાઠક ઉમરાયાવાળા ના જણાવ્યા અનુસાર, હિન્દુ પંચાંગની ગણતરીમાં ૧૨ રાશિ, ૨૭ નક્ષત્ર અને નવ ગ્રહોની ચોક્કસ ગતિને ધ્યાનમાં લેવામાં આવે છે. અંગ્રેજી કેલેન્ડરમાં તારીખની શરૂઆત મધરાતથી થાય છે, જ્યારે હિન્દુ પંચાંગમાં તિથિની ગણતરી સૂર્ય અને ચંદ્રની સ્થિતિના આધારે થાય છે. એક જ તિથિ બે દિવસના સૂર્યોદય સમયે ચાલુ રહે તો તે તિથિની પુનરાવૃત્તિ થાય છે, જેને સામાન્ય રીતે બે તિથિ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે કોઈ તિથિ એક સૂર્યોદય પછી શરૂ થઈ બીજા દિવસના સૂર્યોદય પહેલાં પૂર્ણ થઈ જાય ત્યારે તેને ક્ષય તિથિ કહેવામાં આવે છે. આ બંને ખગોળીય પ્રક્રિયાઓ પંચાંગનો સ્વાભાવિક ભાગ છે.વર્ષ ૨૦૨૬ના દિવાળીના દિવસોની ગણતરી સમજાવતા તેમણે જણાવ્યું કે, તા. ૪ નવેમ્બરે સવારે ૧૧:૦૨ વાગ્યે એકાદશી શરૂ થઈ હતી, જે તા. ૫ નવેમ્બરે સવારે ૧૦:૩૫ વાગ્યા સુધી રહી હતી. ત્યારબાદ બારસની તિથિ શરૂ થઈ હતી. આ જ રીતે તિથિઓની ગતિ અને સૂર્યોદયના સમયના કારણે ધનતેરસ, ચૌદશ અને અમાસની ગણતરીમાં પણ તારીખની દૃષ્ટિએ ફેરફાર જોવા મળે છે. ચૌદશ તા. ૭ નવેમ્બરે સવારે ૧૦:૪૭ વાગ્યે શરૂ થઈ તા. ૮ નવેમ્બરે સવારે ૧૧:૨૭ વાગ્યા સુધી રહેવાની છે. ત્યારબાદ અમાસ શરૂ થાય છે, જે તા. ૯ નવેમ્બરે બપોરે ૧૨:૩૧ વાગ્યા સુધી રહેશે.તેમણે વધુમાં જણાવ્યું કે, વેપારી વર્ગ દિવાળીની રાત્રે ચોપડા પૂજન અને લક્ષ્મી પૂજન કરતો હોવાથી તા. ૮ નવેમ્બરની રાત્રે દિવાળીની ઉજવણી કરવામાં આવે છે. બીજી તરફ, તા. ૯ નવેમ્બરે બપોરે ૧૨:૩૧ વાગ્યા સુધી અમાસની તિથિ ચાલુ રહેવાની હોવાથી તેના પછી પડવો શરૂ થાય છે. જોકે, નૂતન વર્ષની શુભેચ્છાઓ આપવાની પરંપરા સવારથી જ શરૂ થતી હોવાથી બપોર પછી પડવો શરૂ થવાની સ્થિતિમાં લોકો તા. ૯ નવેમ્બરને પડતર દિવસ તરીકે માને છે અને તા. ૧૦ નવેમ્બરથી નૂતન વર્ષની ઉજવણી કરે છે.



વડોદરામાં કલા અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમાન ૧૯૮૫થી કાર્યરત અગ્રેસર સંસ્થા ‘સ્વાસ્તિક રંગોળી કલાકાર ગ્રુપ’ દ્વારા ‘૫૮મું રંગોળી પ્રદર્શન ૨૦૨૬’ નો ભવ્ય શુભારંભ એસ.એસ.જી. હોસ્પિટલની સામે આવેલા ઐતિહાસિક કીર્તિ મંદિર હોલ, વડોદરા ખાતે કરવામાં આવ્યો હતો. આ ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં લોક ગાયક રિષભ ગ્રુપના અચલ મહેતા અને ઇન્ડસ્ટ્રીયલીસ્ટ પ્રેમરાજ વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રદર્શનને સફળ બનાવવા માટે સંસ્થાના માનદ પ્રમુખ રાજેશ્વર પી. દિંડોરકર, માનદ ઉપપ્રમુખ પ્રકાશ લોખંડે, માનદ સચિવ અભય ગડકરી તેમજ રાજુ ચૌહાણ અને મહેન્દ્રસિંહ દેવધરા માર્ગદર્શન આપી રહ્યા છે. આ ઉપરાંત, હિમાંશુ અંતાપુરકર, વિરેન્દ્રસિંહ રાઠોડ, યશ લોખંડે, રાજેશ રાઠવા, આકાશ પ્રજાપતિ, સુજન દિંડોરકર, શક્તિ પવાર અને દેવાંગ મિસ્ત્રી જેવા કુશળ મુખ્ય કલાકારો તેમજ ગોવિંદ કદમ, હર્ષ રાણા, આયુષ પટેલ, સર્વેશ કારકર, શિવમ દેવીપૂજક, મયુર ગુરવ અને ભર્ગવ પટેલ જેવા સહ-કલાકારો પોતાની કલાના જોરે રંગોળીના અદ્ભુત રંગો પુરી રહ્યા છે. આ રંગોળી પ્રદર્શન તારીખ ૦૫ નવેમ્બરથી ૧૫ નવેમ્બર ૨૦૨૬ સુધી મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે, વડોદરા શહેરના તમામ કલાપ્રેમીઓ અને નાગરિકોને કીર્તિ મંદિર હોલ ખાતે યોજનાર આ ભવ્ય પ્રદર્શનની મુલાકાત લઈ કલાકારોને પ્રોત્સાહિત કરવા નિમંત્રણ છે.

દિવાળી ટાણે બજારોમાં ઉત્સાહનો માહોલ, ‘ધનતેરસ’ પહેલા જ ધમધમી ઉઠ્યા

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે શહેરના મુખ્ય બજારોમાં દીવાઓ અને રંગોની રોનક વચ્ચે ખરીદીનો મહાસાગર ઉમટ્યો છે. ખાસ કરીને ધનતેરસ અને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને વડોદરાવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના પરંપરાગત બજારોથી લઈને મોર્ડન મોલ્સ સુધી સર્વત્ર ખરીદી માટે ભારે ઘરાકી જામી છે, જેના કારણે વેપારીઓ પણ ભારે ઉત્સાહમાં છે.શહેરના સૌથી જૂના અને લોકપ્રિય બજારો જેવા કે મંગળબજાર, રાવપુરા, ખંડેરાવ માર્કેટ, ઘડિયાળી પોળ અને કારેલીબાગ વિસ્તારમાં સાંજ પડતા જ પગ મૂકવાની જગ્યા નથી રહેતી. મહિલાઓમાં કપડાં, સાડીઓ અને કુર્તીઓની ખરીદી માટે વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંપરાગત પેસ્ટલ કલર્સ અને એમ્બ્રોઈડરીવાળા વસ્ત્રોની ભારે માંગ છે.
દીવાઓનો આ તહેવાર ઘરને ચમકાવવા માટેનો હોય છે, જેથી રંગબેરંગી રોશનીવાળી લાઈટો, ઝુમ્મર, રેડીમેડ રંગોળી અને ફૂલોના હાર ખરીદવા માટે લોકોની લાંબી કતારો જોવા મળી રહી છે. ગિફ્ટ આપવા માટેની પરંપરા જીવંત રાખતા લોકો અવનવી મીઠાઈઓ અને ડ્રાયફ્રૂટ્સના બોક્સ ખરીદી રહ્યા છે. વડોદરાની જાણીતી ફરસાણ અને સ્વીટ માર્કેટ્સમાં ગ્રાહકોની લાંબી કતારો લાગેલી છે.ધનતેરસના પાવન અવસરે સોનું, ચાંદી, વાહનો અને ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ ખરીદવાની અનોખી પરંપરા છે. આ વર્ષે પણ તે અંગે ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે.

તહેવારોની ખરીદીમાં ડિજિટલ બજારનો પણ નવો રેકોર્ડ

પરંપરાગત બજારો ઉપરાંત ધૂમ ઓનલાઇન ખરીદી પણ ચાલી રહી છે. એમેઝોન ગ્રેટ ઇન્ડિયન ફેસ્ટિવલ 2026માં ગ્રાહકોએ અત્યાર સુધીમાં રૂ. 2,800 કરોડથી વધુની બચત કરી નવો રેકોર્ડ સર્જ્યો છે. આ શોપિંગ ઇવેન્ટમાં 393 કરોડથી વધુ મુલાકાતો નોંધાઈ છે અને ખરીદીના જથ્થામાં વાર્ષિક ધોરણે 50 ટકાનો વધારો થયો છે. નાના શહેરોમાંથી પણ મોટી સંખ્યામાં ગ્રાહકોએ ખરીદી કરી છે. પ્રીમિયમ સ્માર્ટફોન, ઇલેક્ટ્રોનિક્સ, ફેશન અને હોમ પ્રોડક્ટ્સની માંગ વધી છે. પ્રાઇમ સભ્યોએ વિશેષ ઓફર્સથી વધુ બચત મેળવી છે. ઝડપી ડિલિવરી, કેશબેક અને સરળ હપ્તાની સુવિધાએ ખરીદીને વેગ આપ્યો છે. આ ઉત્સવ 11 નવેમ્બર, ભાઈબીજ સુધી ચાલુ રહેશે.



8700 દીપકના ઝગમગાટ થી દિપાવલી પર્વ નો શુભારંભ

આજે તારીખ 5 નવેમ્બર રમા એકાદશી થી તારીખ 14 નવેમ્બર લાભ પાંચમ સુધી દસ દિવસ એટલે દિપાવલી પર્વ.આપણી પ્રણાલી અનુસાર કોઈ પણ કાર્ય નો શુભારંભ દિપ પ્રાગટય થી થાય છે એ પરંપરા મુજબ આજરોજ પ્રમુખ સ્વામી મહારાજ ના પ્રાગટય સ્થાન ચાણસદ ખાતે આવેલા નારાયણ સરોવર પરિસર માં પ્રમુખ સ્વામી મહારાજ સાથે 40 વર્ષો સુધી અવિરત વિચરણમાં સાથે રહેલા એવા સંસ્થા ના સદ્ગુરુ સંત પુજ્ય વિવેક સાગર સ્વામી તથા મહાનુભાવો ની ઉપસ્થિતિમાં 8700 દીવડા પ્રજ્વલિત કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આજથી 87 વર્ષ પહેલાં બરાબર આજના દિવસે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે લાખો લોકો ના જીવનમાં આશા અને શ્રદ્ધા ના દીવડા પ્રગટાવી શકાય તે ઉમદા હેતુ માટે ગૃહ ત્યાગ કર્યો હતો તે સ્મૃતિ માં સંતો, ભક્તો અને ગ્રામવાસીઓ એ મળી 8700 દીવડા પ્રગટાવી દિપાવલી પર્વ નો શુભારંભ કર્યો હતો.આ ઊપરાંત તળાવ પરિસર ની તમામ ઈમારતો, ઘૂમટીઓ, વૃક્ષો, બગીચાઓમાં તથા તળાવ ફરતી પાષાણ જાળી સંરક્ષણ દિવાલ પર હજારો ની સંખ્યામાં ઝળહળતી વિદ્યુત દીપ શૃંખલા ઓ જ્યારે સરોવર નિર માં પ્રતિબંબીત થાય ત્યારે તારા મંડળ સહિત સમગ્ર નભ મંડળ આ પ્રસાદીક ધરા પર ઉતરી આવેલું જણાતું હતું.



રૂ.૧.૮૬ લાખના દાગીના-રોકડની ચોરી

પોસ્ટ ઓફિસમાં કામ કરતા મહિલાના બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

(પ્રતિનિધિ) વડોદરા તા.05

વડોદરા શહેરના ખોડિયારનગર વિસ્તારમાં આવેલી વૈકુંઠ-2 સોસાયટીમાં રહેતું દંપતી નોકરીએ ગયું હતું ત્યારે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. મકાનના પાછળના ભાગે આવેલા લોખંડના દરવાજાની ગ્રીલ વાળી તસ્કરો ઘરમાં ઘૂસી ગયા હતા. ત્યારબાદ બેડરૂમમાં મૂકેલી ત્રણ તિજોરીઓ ફેંદી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.1.86 લાખની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

હરણી પોલીસે ચોરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. વડોદરા શહેરના ખોડિયારનગરમાં મોતીભાઈ પાર્ક પાસે આવેલી વૈકુંઠ-2 સોસાયટીમાં રહેતા મિતેષકુમાર વસૈયા અભ્યાસ કરે છે, જ્યારે તેમની પત્ની જયશ્રીબેન વાઘોડિયા તાલુકાના કુમેઠા ગામની પોસ્ટ ઓફિસમાં નોકરી કરે છે. ગત 4 નવેમ્બરના રોજ સવારે આશરે 10 વાગ્યે બંને ઘર બંધ કરીને પોતપોતાના કામે નીકળી ગયા હતા. દરમિયાન તસ્કરોએ બંધ મકાનમાં હાથફેરો કર્યો હતો. સાંજે આશરે 4:05 વાગ્યે દંપતી ઘરે પરત ફર્યું ત્યારે પાછળના ભાગે આવેલા લોખંડના દરવાજાની ગ્રીલ વાળેલી અને દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. ઘરમાં તપાસ કરતાં બેડરૂમમાં મૂકેલી બે લોખંડની અને એક લાકડાની તિજોરીનો સામાન વેરવિખેર પડેલો હતો. તસ્કરો રૂ.1.28 લાખની કિંમતનું સોનું, ચાંદીના બે બિસ્કિટ, પાયલ, વીંટીઓ, વિછુડીઓ અને રૂ.22 હજાર રોકડ મળી રૂ.1.86 લાખની મત્તા ચોરી ગયા હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે મિતેષકુમાર વસૈયાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે ઉત્રાણ સ્ટેશનનું નિરીક્ષણ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક રામાશ્રય પાંડેએ વડોદરા મંડળના ઉત્રાણ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું હતું. સાથે જ તેમણે સેટેલાઇટ સ્ટેશન તરીકે વિકસી રહેલા ઉત્રાણ સ્ટેશનના કામોની પ્રગતિનો જાયજો પણ લીધો હતો. આ દરમિયાન મંડળ રેલ પ્રબંધક રાજૂ ભડકેએ મહાપ્રબંધકને ઉત્રાણ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટના કામો અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક સહિત મંડળના બ્રાન્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાપ્રબંધકે દિવાળી અને છઠ પૂજા ફેસ્ટિવલ માટે મુસાફરોની માંગ અને સુવિધા માટે ચલાવવામાં આવી રહેલી સ્પેશિયલ ટ્રેન માટે બનાવવામાં આવેલા હોલ્ડિંગ એરિયા અને અન્ય મુસાફર સુવિધાઓનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન મહાપ્રબંધકે ઉત્રાણ સ્ટેશનના રનિંગ રૂમનું ઉદ્ઘાટન પણ કર્યું હતું.

તહેવાર ટાણે સફાઈ મિત્રોના પરિવારમાં ખુશીનો માહોલ

વડોદરા પાલિકાની દિવાળી ભેટ: ૧૦૦થી વધુ સફાઈ કર્મીઓ કાયમી, PM ઈ-બસ એપ લોન્ચ

(પ્રતિનિધિ) વડોદરા તા.05

દિવાળીના પવિત્ર તહેવારો નજીક છે ત્યારે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો અને સફાઈ કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ ભેટોની જાહેરાત કરવામાં આવી છે. પાલિકા દ્વારા વર્ષોથી શહેરની સ્વચ્છતામાં યોગદાન આપતા ૧૦૦થી વધુ સફાઈ મિત્રોને કાયમી કરવાના ઓર્ડર સુપ્રત કરવામાં આવ્યા છે, તેમજ નાગરિકો માટે પીએમ ઈ-બસ સેવાની આધુનિક મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. વડોદરા મહાનગરપાલિકા ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં લાંબા સમયથી ફરજ બજાવતા ૧૦૦ કરતાં વધુ સફાઈ કર્મચારીઓને કાયમી નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તહેવારના દિવસોમાં જ કાયમી નોકરીના ઓર્ડર મળતા



સફાઈ કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં ભારે હર્ષોલ્લાસ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. શહેરના મુસાફરો અને નાગરિકોની સુવિધા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા ‘પીએમ ઈ-બસ’ સેવાની વિશેષ મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. આ એપ એન્ડ્રોઈડ અને એપલ બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવાઈ છે. આ પ્રસંગે ‘ફિટ ઈન્ડિયા મુવમેન્ટ’ અંતર્ગત હરણી વિસ્તારમાં ફિટ ઝોનનું પણ શુભારંભ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરના પ્રવેશદ્વાર સમાન ગોલ્ડન ચોકડી સહિતના વિવિધ મુખ્ય વિસ્તારોમાં દબાણો હટાવીને સુંદર ગાર્ડન વિકસાવવામાં આવ્યા છે, જેથી શહેર વધુ હરિયાળું અને સ્વચ્છ બની શકે. આ વિશેષ કાર્યક્રમમાં વડોદરા શહેરના મેયર ગીતાબેન મકવાણા, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ સહિત મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તા.૯ અને ૧૬ નવેમ્બરે ઉપડશે

વડોદરાથી જયપુર-અજમેર જતા મુસાફરોને સીધી સુવિધા

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

મુસાફરોની સુવિધા અને વધતી માંગને પહોંચી વળવા તેમજ વધારાની ભીડને નિયંત્રિત કરવા પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા ઉત્રાણ - ખાતીપુરા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનને વડોદરા જંક્શન ખાતે સ્ટોપેજ આપવામાં આવ્યો છે. જેના કારણે વડોદરાના મુસાફરોને જયપુર, અજમેર, ચિત્તોડગઢ, ભીલવાડા સહિત રાજસ્થાન તરફ જવા માટે સીધી અને સરળ સુવિધા મળશે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીના દ્વારા જણાવ્યા મુજબ, ટ્રેન નં. 09131 / 09132 ઉત્રાણ - ખાતીપુરા - ઉત્રાણ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના કુલ 4 ફેરા દોડશે. ટ્રેન નં. 09131 ઉત્રાણ - ખાતીપુરા સ્પેશિયલ દર સોમવારે ઉત્રાણથી બપોરે 2.15 વાગ્યે ઉપડશે અને વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ થઈને બીજા દિવસે મંગળવારે સવારે 10.00 વાગ્યે ખાતીપુરા પહોંચશે. આ ટ્રેન 9 અને 16 નવેમ્બરના રોજ દોડશે. જ્યારે પરતમાં ટ્રેન નં. 09132 ખાતીપુરા - ઉત્રાણ સ્પેશિયલ દર મંગળવારે ખાતીપુરાથી બપોરે 12.40 વાગ્યે ઉપડશે અને વડોદરા થઈને બીજા દિવસે બુધવારે સવારે 6.40 વાગ્યે ઉત્રાણ પહોંચશે. આ ટ્રેન 10 અને 17 નવેમ્બર 2026ના રોજ દોડશે. આ ટ્રેન બંને દિશામાં અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંક્શન, મંદસૌર, નીમચ, ચિત્તોડગઢ, ભીલવાડા, બિજયનગર, નસીરાબાદ, અજમેર, મદાર, કિશનગઢ અને જયપુર સ્ટેશને રોકાશે. વડોદરાથી રાજસ્થાન તરફ અવર-જવર કરતા વેપારીઓ, વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને પ્રવાસીઓને આ ટ્રેનથી મોટી રાહત મળશે. આ ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર અને દ્વિતીય શ્રેણીના સામાન્ય કોચની સુવિધા રહેશે.

જનેતા સાથે જ છેતરપિંડી

માતાના ગીરવે મૂકેલા દાગીના છોડાવી પુત્રી મિત્ર સાથે રફુચક્કર

(પ્રતિનિધિ) વડોદરા તા.05

માતા પોતાના સંતાનોના ભવિષ્ય અને સુખ માટે ગમે તેવી મુશ્કેલી વેઠવા તૈયાર હોય છે, પરંતુ ગોત્રી વિસ્તારમાં માતા-પુત્રીના પવિત્ર સંબંધને શરમાવે તેવો કિસ્સો સામે આવ્યો છે. મકાનની લોનના હપ્તા ભરવા માટે માતાએ પોતાના સોનાના દાગીના ગીરવે મૂકીને પુત્રીને રૂ.1.85 લાખની આર્થિક મદદ કરી હતી. જોકે, લોનના હપ્તા પૂર્ણ થયા બાદ દાગીના છોડાવવાનો સમય આવ્યો ત્યારે પુત્રીએ જ મિત્ર સાથે મળીને દાગીના પચાવી પાડ્યા હોવાનો આક્ષેપ થયો છે. મુથુટ ફાઈનાન્સમાંથી દાગીના છોડાવ્યા બાદ માતા-પિતાને ઘરે જવાનું કહી પાછળથી દાગીના લઈને આવવાનું જણાવી બંને રફુચક્કર થઈ ગયા હતા. અંતે 65 વર્ષીય માતાએ પોતાની પુત્રી પદમા અને તેના મિત્ર દીપક સિરોયા સામે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.
ગોત્રીની ગુણાતીત રેસિડેન્સીમાં રહેતાં શારદાબેન પરમારના જમાઈ સુરેશ વસાવાએ લોન પર મકાન ખરીદ્યું હતું. લોનના હપ્તા ભરવા માટે નાણાંની જરૂર ઊભી થતાં પુત્રી પદમાએ માતા પાસે મદદ માગી હતી. પુત્રીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શારદાબેને પોતાની પાંચ સોનાની વીંટી, એક સોનાની ચેન અને પેન્ડલ સહિતના દાગીના ગત 5 નવેમ્બર 2025ના રોજ આંબેડકર સર્કલ પાસે આવેલી મુથુટ ફાઈનાન્સમાં રૂ.1.85 લાખમાં ગીરવે મૂક્યા હતા અને મળેલી રકમ પુત્રીને આપી હતી. સમય જતાં મકાનની લોનના હપ્તા પૂર્ણ થતાં શારદાબેને ગીરવે મૂકેલા દાગીના છોડાવવાની વાત કરી હતી. દરમિયાન 2 સપ્ટેમ્બર 2026ના રોજ પુત્રીના મિત્ર દીપક સિરોયાએ ફોન કરીને બીજા દિવસે દાગીના છોડાવવા જવાનું જણાવ્યું હતું. જેથી 3 સપ્ટેમ્બરના રોજ શારદાબેન પતિ સાથે મુથુટ ફાઈનાન્સ પહોંચ્યાં હતાં. ત્યાં પુત્રી પદમા અને તેનો મિત્ર દીપક પણ હાજર હતા. બંનેએ ફાઈનાન્સ કંપનીમાં બાકી રકમ ચૂકવી દાગીના છોડાવ્યા હતા, પરંતુ દાગીના માતાને સોંપવાને બદલે પદમાએ મિત્ર દીપકને આપી દીધા હતા. ત્યારબાદ બંનેએ શારદાબેન અને તેમના પતિને ઘરે જવા જણાવ્યું હતું અને પોતે દાગીના લઈને પાછળથી ઘરે આવવાનું કહી ત્યાંથી નીકળી ગયા હતા. જોકે, લાંબો સમય વીતી જવા છતાં બંને ઘરે નહીં આવતાં માતા-પિતાએ સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતમાં બંને રસ્તામાં હોવાનું કહી સમય પસાર કરતા રહ્યા હતા, પરંતુ બાદમાં દીપકનો મોબાઈલ ફોન પણ બંધ આવવા લાગ્યો હતો. વારંવાર દાગીના પરત માગવા છતાં દાગીના નહીં મળતાં આખરે માતાએ પોતાની જ પુત્રી અને તેના મિત્ર સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

શેરખી-ભીમપુરા પાસે ઘટના ઘટી

નર્મદા કેનાલમાંથી ગોરવાના યુવકનો મૃતદેહ મળી આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.05

શહેરના ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શેરખી અને ભીમપુરા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં એક્સપ્રેસ હાઈવેની નીચે પાણીમાં એક યુવકનો શબ તરતી હાલતમાં જોવા મળ્યો હતો. સ્થાનિક લોકોએ આ દ્રશ્ય જોઈને તાત્કાલિક વાસના ફાયર બ્રિગેડનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતાની સાથે જ વાસના ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ પાણીમાંથી યુવકના મૃતદેહને બહાર કાઢ્યો હતો. પોલીસ તપાસમાં મૃતક યુવકની ઓળખ કલ્પેશ વિનોદચંદ્ર મહેતા (ઉંમર વર્ષ 48) તરીકે થઈ છે, જેઓ ગોરવા વિસ્તારના લક્ષ્મીપુરા રોડ પર આવેલી




ગોપાલબાગ સોસાયટીમાં રહેતા હતા. પ્રાથમિક તપાસમાં આ યુવકે અગમ્ય કારણોસર નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું સામે આવ્યું છે. ગગત રાત્રિના સમયથી જ વાસના ફાયર બ્રિગેડની ટીમ દ્વારા નર્મદા કેનાલમાં યુવકની શોધખોળ હાથ ધરવામાં આવી હતી, અને આજ સવારે ફાયર બ્રિગેડની ટીમને આ શોધખોળમાં સફળતા મળી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ અર્થે વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે.

જે.પી. રોડ, ગોત્રી અને અટલાદરા પોલીસ સ્ટેશનના વાહનોની ગોત્રી પોલીસ મથકે હરાજી યોજાઈ

વડોદરા પોલીસના કબજામાં ધૂળ ખાતા ૬૨ વાહનોની જાહેર હરાજી

(પ્રતિનિધિ) વડોદરા તા.05

વડોદરા પોલીસ કમિશનર નરસિંહા કોમાર, અધિક પોલીસ કમિશનર સેક્ટર-1 અને ટ્રાફિક સુધીરકુમાર દેસાઈ તેમજ નાયબ પોલીસ કમિશનર ઝોન-2 મંજીતા વણઝારાના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશનર ડી-ડિવિઝન દ્વારા આ હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે.પી. રોડ પોલીસ સ્ટેશનના 28, ગોત્રી પોલીસ સ્ટેશનના 32 અને અટલાદરા પોલીસ સ્ટેશનના બે મળી 62 વાહનો લાંબા સમયથી પોલીસ મથકોમાં પડ્યા હતા. જી.પી. એક્ટની કલમ 82 તથા એમ.વી. એક્ટની કલમ 207 હેઠળ કબજે કરાયેલા આ વાહનોની 5 નવેમ્બરના રોજ ગોત્રી પોલીસ સ્ટેશન ખાતે મદદનીશ પોલીસ કમિશનર એ.વી. કાટકડની અધ્યક્ષતામાં



જાહેર હરાજી યોજાઈ હતી. હરાજીમાં ગોત્રી પોલીસ સ્ટેશનના એક રિક્ષા, એક ફોરવ્હીલર અને 30 ટુ-વ્હીલર માટે રૂ.1.46 લાખની સૌથી ઊંચી બોલી સિંધી જમીલ મોહમ્મદ મીયાએ લગાવી હતી. અટલાદરા પોલીસ સ્ટેશનના બે ટુ-વ્હીલર માટે સુલેમાન મહંમદ ભટ્ટુકે રૂ.13 હજારની બોલી લગાવી હતી. જ્યારે જે.પી. રોડ પોલીસ સ્ટેશનના એક ફોરવ્હીલર, બે થ્રી-વ્હીલર અને 25 ટુ-વ્હીલર માટે અલ્તાફ હુસેન અયુબસા દિવાન તથા લાલુ એન્ટરપ્રાઈઝના જાવેદે સંયુક્ત રીતે રૂ.1,43,500ની સૌથી ઊંચી બોલી લગાવી હતી. આમ,62 વાહનોની હરાજીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. સૌથી ઊંચી બોલી લગાવનારા વેપારીઓએ ખરીદ કિંમત ઉપરાંત જીએસટી સહિત રૂ.3.56 લાખની રકમ ભરપાઈ કર્યા બાદ વાહનોનો કબજો સોંપવામાં આવશે.